## પ્રકરણ - ૧ આડત માલના હિસાબો

નીચે જણાવેલ દરેક પેટા પ્રશ્નના એક કરતાં વધુ જવાબો આપેલ છે, પરંતુ તે પૈકી ફક્ત એક જ જવાબ સાચો છે. તમારે સાચો જવાબ પસંદ કરીને તેના સમર્થનમાં જરૂરી ગણતરી (કે સમજૂતી) દર્શાવવાની છેઃ

1. માલનું વેચાણ કરવા માટે આડતિયાને મોકલેલ માલ અંગે નીચે દર્શાવેલ વિધાનો પૈકી કયું વિધાન ખરું છે ?
   - (i) માલધણી અને આડતિયા વચ્ચે માલના વેચાણનો કરાર થાય છે.
   - (ii) માલધણી અને આડતિયા વચ્ચે વેપારી-ગ્રાહકનો સંબંધ છે.
   - (iii) માલધણી અને આડતિયા વચ્ચેનો સંબંધ માલિક અને એજન્ટ તરીકેનો નથી.
   - (iv) માલનું વેચાણ ન થાય તો તે માલ પરત કરવાનો આડતિયાને હક છે.
2. આડતમાલના હિસાબો અન્વયેઃ
   - (i) માલધણી આડતિયાને વેચાણ આંકડો મોકલે છે.
   - (ii) આડતિયો માલધણીને વેચાણ આંકડો મોકલે છે.
   - (iii) દેવાદાર માલધણીને વેચાણ આંકડો મોકલે છે.
   - (iv) આડતિયો ગ્રાહકને વેચાણ આંકડો મોકલે છે.
3. આડતિયાને આસામી આડત ચૂકવવામાં આવતી હોય તો જો ઘાલખાધ પડે તો આડતિયોઃ
   - (i) માણધણીનું ખાતું ઉધારશે
   - (ii) દેવાદારોનું ખાતું ઉધારશે
   - (iii) આડત ખાતું ઉધારશે

(i v) માલધણીનું ખાતું જમા કરશે.

4. આડતમાલ ખાતું તૈયાર કરતી વખતે આખર સ્ટોકની બજાર કિંમત પણ આપવામાં આવે તોઃ

(i) આખર સ્ટોક મૂળકિંમતે ગણવો

(ii) આખર સ્ટોક બજારકિંમતે ગણવો.

(iii) આખર સ્ટોક, મૂળકિંમત કે બજારકિંમત પૈકી ઓછી હોય તે કિમતે ગણવો.

(iv) આખર સ્ટોક, મૂળકિંમત કે બજારકિંમત પૈકી વધુ હોય તે કિંમતે ગણવો.

5. આડમાલસના હિસાબોમાં ઉદભવતું અસામાન્ય નુકસાન કયા ખાતે ઉધારાય છે ?

(i ) આડતિયા ખાતે

(i i ) આડતમાલ ખાતે

(iii) નફાનુકસાન ખાતે

(i v) માલધણી ખાતે

6. આસામી આડતઃ

(i) કુલ વેચાણ પર ગણાય

(ii) ફકત ઉધાર વેચાણ પર ગણાય

(i i i ) ફકત રોકડ વેચાણ પર ગણાય.

(i v) મોકલેલ કુલ માલ પર ગણાય

7. આડતમાલના ધંધામાં રૂ. 40,000ની કિંમતનું અસામાન્ય નુકસાન થયું જેનો વીમા કંપની 60 % રકમનો દાવો મંજૂર કરે છે. નુકસાન પામેલ માલ અંગેનું નુકસાન રૂ. .................. ગણાય.

(i ) 40,000

(i i ) 20,000

(i i i ) કંઇ નહિ

(iv) 16,000

8. પટેલ એન્ડ સન્સે 25,000 કિલો આસામ ટી ગોલ્ડ રૂ. 150 કિલોના ભાવે આડતથી વેચવા માટે મોકલી અને રૂ. 25,000 સીધા ખર્ચા ચૂકવ્યા. રસ્તામાં અકસ્માત થવાથી 1,000 કિલો ચાનું નુકસાન થયું. વીમા કંપનીએ આ અંગે રૂ. 1,45,000નો દાવો સ્વીકાર્યો. તો અસામાન્ય નુકસાન રૂ. ................ ગણાય.

(i) 6,000

(i i ) 1,51,000

(i i i ) 1,50,000

(i v) કંઇ નહિ

9. વિજયે 10,000 લિટર રસાયણ, રૂ. 1.90 પ્રતિ લિટરના ભાવે રમેશને આડત પર વેચવા મોકલ્યું. માલ મોકલતાં રૂ. 1,000નો ખર્ચ થયો. કુદરતી કારણસર 500 લિટર રસાયણની ઘટ પડી. રમેશે 5,700 લિટર રસાયણ રૂ. 2.85 લિટરના ભાવે વેચ્યું. તેને વેચાણ પર 5 % કમિશન આપવાનું છે. આખર માલના સ્ટોકની કિંમત રૂ. ............. ગણાય.

(i ) 16,000

(ii) 8,000

(i i i) 10,430

(i v) 10,400

10. આડતિયાએ રૂ. 2,00,000ની ભરતિયા કિંમતનો માલ રૂ. 2,25,000માં રોકડેથી વેચ્યો. રૂ. 2,50,000ની ભરતિયા કિંમતનો માલ રૂ. 3,25,000માં દેસાઇને ઉધાર વેચ્યો. રૂ. 50,000ની ભરતિયા કિંમતનો માલ જોષીને માલધણીની ભલામણીથી ઉધાર વેચ્યો અને રૂ. 15,000નો માલ પોતે ખરીદ્યો હતો. નુકસાની માલ રૂ. 10,000માં વેચ્યો.

આડતિયાને કુલ વેચાણ પર 5 % આડત, ઉધાર વેચાણ પર 3 % આસામી આડત અને ભરતિયા કિંમત કરતાં વધારે ઉપજાવેલ રકમ પર 10 % વધારાની આડત આપવાની હોય તો કુલ આડત રૂ. ................ ગણાય.

(i) 1,02,000

(ii) 51,000

(i i i) 62,500

(i v) 82,500

11. આડતિયાએ રૂ. 20,000નો ઉધાર માલ વેચ્યો છે. આ પૈકી રૂ. 500ના એક દેવાદાર નાદાર થતાં તેના તરફથી રૂપિયે 25 પૈસા મળ્યા. તો તે અંગે માલધણીના ચોપડે રૂ. ........................... ની નોંધ થાય.

(i) 125

(i i) 500

(iii) 375

(i v) કંઇ નહિ

12. માલધણીએ 1,500 લિટર કેમિકલ, લિટર દીઠ રૂ. 50ના ભાવે, આડતિયાને આડતથી વેચવા મોકલ્યું અને ખર્ચના રૂ. 10,500 ચૂકવ્યા. બાષ્પીભવનને કારણે 75 લિટરની વજનમાં ઘટ પડી. આડતિયાએ 1,275 લિટર રૂ. 75ના ભાવે વેચ્યું હોય તો – આખર સ્ટોકની કિંમત કેટલી હશે ?

(i) રૂ. 7,500

(ii) રૂ. 7,800

(iii) રૂ. 8,550

(iv) રૂ. 9,000

13. માલધણીએ રૂ. 50,000ની કિંમતનો માલ આડતથી વેચવા માટે આડતિયાને મોકલ્યો. માલ મોકલતાં તેણે રૂ. 2,500 ખર્ચના ચૂકવ્યા. આડતિયાએ માલ છોડાવતાં રૂ. 500 નૂર અને રૂ. 250 જકાતના ચૂકવ્યા. 80% માલ વેચતાં રૂ. 2,500 કમિશન ચૂકવ્યું આખરનો સ્ટોકની કિંમત કેટલી હશે ?

(i) રૂ. 10,000

(ii) રૂ. 10,500

(iii) રૂ. 10,650

(iv) રૂ. 10,150

14. બેંગલોરના શ્રીકાંતે ચેન્નાઇના મદનલાલને રૂ. 50,000ની કિંમતનો માલ આડથી વેચવા મોકલ્યો. તે અંગે તેણે રૂ. 5,000 ખર્ચના ચૂકવ્યા. રસ્તામાં રૂ. 10,000ની કિંમતનો માલ આગથી બલી ગયો અને વીમા કંપનીએ રૂ. 7,500નો દાવો મંજૂર રાખ્યો. તો અસામાન્ય નુકસાન કેટલું ગણાય ?

(i) રૂ. 2,500

(ii) રૂ. 10,000

(iii) રૂ. 3,500

(i v) રૂ. 7,500

15. અમદાવાદના અમરે, દાવડાના દિનેશને રૂ. 1,00,000 નો માલ આડતથી વેચવા મોકલ્યો અને ખર્ચના રૂ. 10,000 ચૂકવ્યા. રસ્તામાં અકસ્માતથી રૂ. 20,000 નો માલ નાશ પામ્યો. વીમા કંપનીએ રૂ. 15,700 નો દાવો મંજૂર રાખ્યો. અસામાન્ય નુકસાનની કિંમત શું ગણાય ?

(i) રૂ. 15,700

(ii) રૂ. 20,000

(iii) રૂ. 4,300

(iv) રૂ. 6,300

16. માલણધીએ 3,000 લિટર કેમિકલ, લિટર દીઠ રૂ. 50ના ભાવે આડતિયાને આડતથી વેચવા મોકલ્યું અને ખર્ચના રૂ. 21,000 ચૂકવ્યા. બાષ્પીભવનને કારણે 150 લિટરની વજનમાં ઘટ પડી. આડતિયાએ રૂ. 2,250 લિટર કેમિકલ રૂ. 75ના ભાવે વેચ્યું હોય તો આખર સ્ટોકની કિંમત કેટલી હશે?

(i) રૂ. 15,000

(ii) રૂ. 15,600

(iii) રૂ. 17,100

(iv) રૂ. 18,000

17. માલધણીએ આડતિયા પર લખેલી હૂંડી આડતિયો સ્વીકારે ત્યારે માલધણીના ચોપડામાં કયું ખાતું જમા થશે ?

(i) આડતમાલ ખાતું

(ii) લેણી હૂંડી ખાતું

**(iii)** આડતિયાનું ખાતું

(iv) દેવી હૂંડી ખાતું

18. આડતિયાએ પોતે ખરીદી લીધેલા માલ ઉપર કઇ આડત ચૂકવાય છે?

(i) સાદી આડત

(ii) વધારાની આડત

(iii) આસામી આડત

(iv) આડત ચૂકવાતી નથી

19. આડતિયાએ રૂ. 25,000 નો ઉધાર માલ વેચ્યો છે. આ પૈકી રૂ. 2,000 નો એક દેવાદાર નાદાર થતાં તેના તરફથી રૂપિયે 60 પૈસા મળ્યા. આડતિયાને સાદી આડત ચૂકવાય છે. તો માલધણીના ચોપડામાં -

(i) રૂ. 1,200 ઘાલખાધ ખાતે ઉધારાશે.

(ii) રૂ. 1,200 આડતિયા ખાતે ઉધારાશે.

**(iii)** રૂ. 800 ઘાલખાધ ખાતે ઉધારાશે

(iv) રૂ. 800 આડતિયા ખાતે ઉધારાશે

20. જામનગરના જયેશે કાલાવડના કમલેશને રૂ. 10,000 નો એક એવા 10 ટી.વી. સેટ્સ આડતથી વેચવા મોકલ્યા. તેણે નૂર, વીમો વગેરેના રૂ. 5,000 ચૂકવ્યા. રસ્તામાં એક ટીવી. સેટ આગથી સંપૂર્ણ નાશ પામ્યો. વીમા કંપની તરફથી રૂ. 10,000 દાવાના મળ્યા. અસામાન્ય નુકસાન કેટલું થયું ગણાય ?

(i) રૂ. 5,000

(ii) રૂ. 10,000

(iii) શૂન્ય

**(iv)** રૂ. 500

21. માલધણીએ આડતિયાને રૂ. 1,00,000 નો માલ આડતથી વેચવા માટે મોકલ્યો. તેણે માલ મોકલતાં રૂ. 10,000 ખર્ચના ચૂકવ્યા. આડતિયાએ માલ છોડાવતાં નૂર અને જકાતના રૂ. 5,000 ચૂકવ્યા. 80% માલ રૂ. 1,20,000 માં વેચી દીધો તો આખર સ્ટોક રૂ. ................. ગણાય.

(i) રૂ. 20,000

**(ii)** રૂ. 23,000

(iii) રૂ. 25,000

(iv) રૂ. 30,000

22. જ્યારે આડતિયા પાસે માલ પહોંચતાં પહેલાં માલમાં કુદરતી કારણોસર ઘટ પડે ત્યારે તેની અંતિમ અસર આડતમાલના હિસાબોમાં શું થશે ?

**(i)** આડતમાલ ખાતાનો નફો ઘટશે.

(ii) આડતમાલ ખાતાનો નફો વધશે.

(iii) આડતમાલ ખાતાના નફામાં કંઇ ફેરફાર નહિ થાય.

(iv) ઉપરમાંથી કોઇ પણ નહિ.

23. રાજકોટના કાનજીભાઈએ જામનગરના મગનલાલને રૂ. 7,500 નો એક એવા 10 ટી.વી. સેટ્સ આડતથી વેચવા મોકલ્યા. તેણે નૂર, વીમો વગેરેના રૂ. 3,000 ચૂકવ્યા. રસ્તામાં એક ટી.વી. સેટ આગથી સંપૂર્ણ નાશ પામ્યો. વીમા કંપની તરફથી રૂ. 7,500 દાવાના મળ્યા. અસામાન્ય નુકસાન કેટલું થયું ગણાય ?

(i) રૂ. 3,300

(ii) રૂ. 600

(iii) રૂ. 900

(iv) રૂ. 300

24. માલધણીએ આડતિયાને રૂ. 80,000 નો માલ આડતથી વેચવા માટે મોકલ્યો. તેણે માલ મોકલતાં રૂ. 5,000 ખર્ચના ચૂકવ્યા. આડતિયાએ માલ છોડાવતા નૂર અને જકાતના રૂ. 3,000 ચૂકવ્યા. 70% માલ તેણે રૂ. 70,000માં વેચી દીધો તો આખ સ્ટોક રૂ..................... ગણાય.

(i) રૂ. 24,000

(ii) રૂ. 27,000

(iii) રૂ. 32,000

**(iv)** રૂ. 26,400

25. એક્સ રૂ. 20,000નો માલ આડતથી વાયને મોકલે છે અને ખર્ચ માટ રૂ. 2,000 ચૂકવે છે. રૂ. 3,000 ના મૂલ્યનો માલ માર્ગમાં સળગી જાય છે. વીમા કંપની રૂ. 1,500નો દાવો સ્વીકારે છે. તો અસામાન્ય નુકસાન કેટલું થાય ?

(i) રૂ. 1,500

(ii) રૂ. 2,000

**(iii)** રૂ. 1,800

(iv) રૂ. 1,900

26. મિતુલ રૂ. 1,00,000 નો માલ કનકને આડતથી મોકલે છે અને રૂ. 5,000 ખર્ચના ચૂકવે છે. કનક નૂર માટે રૂ. 1,000 અને જકાતના રૂ. 500 ચૂકવે છે. 70% માલના વેચાણ પર રૂ. 4,000 કમિશન ચૂકવાય છે. આખર સ્ટોકનું મૂલ્ય કેટલું થશે ?

(i) રૂ. 32,950

(ii) રૂ. 33,000

(iii) રૂ. 31,950

(iv) રૂ. 30,000

27. આડતથી માલ વેચવા માટે મોકલેલ હોય, ત્યારે તે માલની રકમ માલધણીના ચોપડામાં કયા ખાતે ઉધારાય છે ?

(i) આડતિયા ખાતે

**(ii)** આડતમાલ ખાતે

(iii) આડતથી વેચવા મોકલેલ માલ ખાતે

(iv) વેચાણ ખાતે

(v)

28. આસામી આડત આપવામાં ન આવતી હોય અને ઉધાર વેચાણ અંગે ઘાલખાધ પડે ત્યારે આડતિયાના ચોપડામાં કયું ખાતું ઉધારાશે ?

(i) દેવાદારનું ખાતું

(ii) આડતમાલ ખાતું

**(iii)** માલધણીનું ખાતું

(iv) ઘાલખાધ અનામત ખાતું

29. આડતમાલના ધંધામાં રૂ. 35,000ની કિંમતનું અસામાન્ય નુકસાન થયું, જેનો વીમા કંપનીએ 40% રકમનો દાવો મંજૂર કરેલ છે. આડતમાલ ખાતે કેટલી રકમ જમા થશે ?

(i) રૂ. 14,000

(ii) રૂ. 21,000

(iii) રૂ. 17,500

**(iv)** રૂ. 35,000

30. બીજા વર્ષની શરૂઆતમાં આડતિયા પાસે રહેલ સ્ટોક માલધણીના ચોપડામાં –

(i) નફા-નુકસાન ખાતે જમા કરાય છે.

(ii) માલધણી ખાતે ઉધારાય છે.

(iii) પાકા સરવૈયામાં દર્શાવાય છે.

**(iv)** આડતમાલ ખાતે ઉધારાય છે.

31. માલધણીએ આડતિયાને રૂ. 2,00,000 નો માલ આડતથી વેચવા માટે મોકલ્યો. તેણે માલ મોકલતાં રૂ. 10,000 ખર્ચ્યા. આડતિયાએ માલ છોડાવતાં જકાતના રૂ. 8,000 ચૂકવ્યા. 80% માલ તેણે રૂ. 1,85,000 માં વેચી દીધો. તો આખર સ્ટોક ............ ગણાય.

(i) રૂ. 40,000

(ii) રૂ. 48,000

(iii) રૂ. 58,000

**(iv)** રૂ. 43,600

32. માલધણીના ચોપડામાં આડતમાલ ખાતું નીચેનામાંથી કયા વ્યવહાર વખતે જમા થશે ?

**(i)** રોકડ અને ઉધાર વેચાણ બંને વખતે

(ii) ઉધાર વેચાણ ખાતે

(iii) રોકડ વેચાણ વખતે

(iv) ઉપરમાંથી એક પણ નહિ

33. 15 કિલોનો એક એવા 100 તેલના ડબ્બા દરેક રૂ. 1,060ના ભાવે દિપે અમનને આડત પર વેચવા મોકલ્યા. તેણે ખર્ચના રૂ. 1,250 ચૂકવ્યા. 5%

સામાન્ય ઘટ ગણવામાં આવ છે. આખર સ્ટોક 285 કિલોનો હોય તો તેની કિંમત કેટલી થાય ?

(i) રૂ. 20,378

(ii) રૂ. 20,140

(iii) રૂ. 20,500

(iv) રૂ. 21,450

34. માલધણીએ આડતિયાએ રૂ. 20,000નો માલ આડતથી મોકલ્યો. તેણે માલ મોકલતાં રૂ. 1,000 ખચ્યા. આડતિયાએ માલ છોડાવતાં નૂર અને જકાતના રૂ. 500 ચૂકવ્યા. જો 30% જેટલો માલ ન વેચાયો હોય તો આખર સ્ટોક કેટલો થશે ?

(i) રૂ. 6,000

**(ii)** રૂ. 6,450

(iii) રૂ. 6,300

(iv) રૂ. 6,150

35. માલધણી અને આડતિયા વચ્ચેનો સંબંધ .................. છે.

(i) દેવાદાર અને લેણદારનો

**(ii)** માલિક અને એજન્ટનો

(iii) વેચનાર અને ખરીદનારનો

(iv) ઉપરનાં બધાં

36. નીચે આપેલ ખર્ચાઓમાંથી કયો ખર્ચ આવર્તક ખર્ચ છે ?

(i) મોકલેલ માલ પરનો વીમો

(ii) માલ છોડાવવાનો ખર્ચ

**(iii)** જાહેરાત ખર્ચ

(iv) ઉપરના બધાં જ

37. આસામી આડત શેના ઉપર ગણાય છે ?

(i) કુલ વેચાણ પર

(ii) રોકડ વેચાણ પર

**(iii)** ઉધાર વેચાણ પર

(iv) વેચેલ માલની પડતર પર

38. આડતમાલના ધંધામાં થયેલ અસામાન્ય નુકસાન ................ થાય.

(i) આડતમાલ ખાતે ઉધાર

(ii) વીમા કંપની ખાતે જમા

(iii) નફાનુકસાન ખાતે જમા

**(iv)** આડતમાલ ખાતે જમા

39. જો માલ ભરતિયા કિંમતે મોકલેલ હોય તો આડતમાલના આખર સ્ટોકમાં રહેલ નફાની અસર ...................... થાય.

(i) આડતમાલ સ્ટોક અનામત ખાતે ઉધાર

**(ii)** આડતમાલ સ્ટોક અનામત ખાતે જમા

(iii) આડતમાલ ખાતે જમા

(iv) નફાનુકસાન ખાતે જમા

40. આડતમાલના આખર સ્ટોક પર જરૂરી મરામત ખર્ચ .................... થાય.

(i) આડતમાલ ખાતે ઉધાર

(ii) આડતમાલ સ્ટોક ખાતે ઉધાર

(iii) મરામત ખર્ચ ખાતે ઉધાર

**(iv) આખર સ્ટોકની કિંમતમાંથી બાદ**

## પ્રકરણ - ૨ શાખાના હિસાબો

નીચે જણાવેલ દરેક પેટા પ્રશ્નના એક કરતાં વધુ જવાબો આપેલ છે, પરંતુ તે પૈકી ફકત એક જ જવાબ સાચો છે. તમારે સાચો જવાબ પસંદ કરીને તેના સમર્થનમાં જરૂરી ગણતરી (કે સમજૂતી) દર્શાવવાની છેઃ

1. શાખા ખાતું એ -
   - **(i)** વ્યક્તિગત ખાતું
   - (ii) માલમિલકત પ્રકારનું ખાતું
   - (iii) ઊપજ-ખર્ચનું ખાતું
   - (iv) કંઇ નહિં.
2. શાખા મુખ્ય ઓફિસ વતીથી ખર્ચા ચૂકવે તો શાખાના ચોપડે -
   - (i) મુખ્ય ઓફિસનું ખાતું ઉધારાશે.
   - (i i) ખર્ચ ખાતું ઉધાર થશે.
   - (i i i) બંનેમાંથી એક પણ ખાતું ઉધાર થશે નહીં.
   - (i v) શાખા ખાતે ઉધાર થશે.
3. સ્ટોક અને દેવાદાર પદ્ધતિ મુજબ શાખા ખાતું -
   - (i ) વ્યક્તિગત પ્રકારનું ખાતું
   - (i i ) ઊપજ-ખર્ચ પ્રકારનું ખાતું
   - (iii) માલમિલકત પ્રકારનું ખાતું
   - (i v) સંયુક્ત ખાતું
4. સ્વતંત્ર શાખા માટે મુખ્ય ઓફિસનું ખાતું -
   - (i ) નફાનુકસાન ખાતા જેવું છે.

(ii) મૂડી ખાતા જેવું છે.

(i i i ) માલમિલકત ખાતા જેવું છે.

(i v) ઊપજ-ખર્ચ ખાતા જેવું છે.

5. શાખાના ચોપડે ફર્નિચર રૂ. 75,000 નું છે. પરંતુ તેનું ખાતું મુખ્ય ઓફિસ જાળવે છે. જો 10% લેખે ઘટતી જતી બાકીની રીતે ઘસારો ગણવામાં આવે તો શાખાના ચોપડે કેટલા રૂપિયા નોંધાશે ?

(i ) રૂ. 15,000

(i i ) રૂ. 7,500

(iii) રૂ. 67,500

(i v) રૂ. 75,0000

6. મુખ્ય ઓફિસે પોતાની શાખાને વર્ષ દરમિયાન રૂ. 2,500 પેટા-રોકડ માટે મોકલ્યા. વર્ષની શરૂમાં અને આખરમાં શાખા પેટા-રોકડ અનુક્રમે રૂ. 700 અને રૂ. 200 હતી, તો શાખાના પરચૂરણ ખર્ચા કેટલા ગણાય?

(i ) રૂ. 2,500

(ii) રૂ. 3,000

(i i i ) રૂ. 3,200

(i v) રૂ. 2,300

7. તા. 1-4-2005 ના રોજ મિલકતની બાકી રૂ. 90,000 છે. જે શાખાને તા. 1-10-2004 ના રોજ મોકલેલ છે. તા. 31-3-2016ના રોજ 20% લેખે સીધી લીટીની પદ્ધતિએ ઘસારો ગણાય છે. તા. 31-3-2006ના રોજ શાખાના ચોપડે ઘસારા બાદ કિંમત રૂ. ગણાશે.

(i) રૂ. 70,000

(ii) રૂ. 85,000

(iii) રૂ. 90,000

(iv) રૂ. 95,000

8. તા. 1-4-2007ના રોજ મિલકતની બાકી રૂ. 95,000 છે, જે શાખાને તા. 1-10-2006ના રોજ મોકલેલ છે. તા. 31-3-2008ના રોજ વાર્ષિક 10% લેખે સીધી લીટીની પદ્ધતિએ ઘસારો ગણાય છે. તા. 31-3-2008ના રોજ શાખાના ચોપડે મિલકતની ઘસારા બાદ કિંમત કેટલી ગણાય?

(i) રૂ. 95,000

(ii) રૂ. 90,000

(iii) રૂ. 85,000

(iv) રૂ. 85,500

9. મુખ્ય ઓફિસે તેની શાખાને વર્ષ દરમિયાન રૂ. 6,000 પેટા રોકડ માટે મોકલ્યા. વર્ષની શરૂઆતમાં અને આખરમાં શાખા પાસે પેટા રોકડ અનુક્રમે રૂ. 1,700 અને રૂ. 1,200 હતી. તો શાખાના પરચૂરણ ખર્ચા કેટલા ગણાય ?

(i) રૂ. 6,000

(ii) રૂ. 1,700

(iii) રૂ. 6,500

(iv) રૂ. 7,700

10. તા. 1-4-2008ના રોજ ફર્નિચરની બાકી રૂ. 18,800 છે. જે શાખાને તા. 1-10-2007 ના રોજ મોકલેલ છે. તા. 31-3-2009ના રોજ વાર્ષિક 12 % લેખે સીધી લીટીની પદ્ધતિએ ઘસારો ગણાય છે. તા. 31-3-2009ના રોજ શાખાના ચોપડે ફર્નિચરની ઘસારા બાદ કિંમત કેટલી ગણાય ?

(i) રૂ. 18,800

(ii) રૂ. 18,000

(iii) રૂ. 16,850

(iv) રૂ. 16,400

11. મુખ્ય ઓફિસે પોતાની શાખાને વર્ષ દરમિયાન રૂ. 4,375 પેટા-રોકડ માટે મોકલ્યા. વર્ષની શરૂમાં અને આખરમાં શાખા પાસે પેટા રોકડ અનુક્રમે રૂ. 1,225 અને રૂ. 350 હતી. તો શાખાના પરચુરણ ખર્ચા કેટલા ગણાય ?

(i) રૂ. 4,375

(ii) રૂ. 5,250

(iii) રૂ. 5,600

(iv) રૂ. 4,025

12. સત્તા અને જવાબદારીના વ્યાપની દષ્ટિએ કયા પ્રકારની શાખા પોતાના સ્વતંત્ર વાર્ષિક હિસાબો તૈયાર કરે છે ?

(i) વિદેશી શાખા

(ii) પરતંત્ર શાખા

(iii) સ્વતંત્ર શાખા

(iv) બંને-સ્વતંત્ર અને વિદેશી શાખા

13. તા. 1-4-2010ના રોજ ફર્નિચરની બાકી રૂ. 1,80,000 છે. જે શાખાને તા. 1-10-2009ના રોજ મોકલેલ છે. તા. 31-3-2011ના રોજ 20% લેખે સીધી લીટીની પદ્ધતિએ ઘસારો ગણાય છે. તા. 31-3-2011ના રોજ શાખાના ચોપડે ઘસારા બાદ કિંમત રૂ. ................ ગણાય.

(i) રૂ. 1,70,000

(ii) રૂ. 1,40,000

(i i i ) રૂ. 1,80,000

(i v) રૂ. 1,44,000

14. મુખ્ય ઓફિસ તેની શાખાને મૂળ કિંમત પર 25% ચઢાવીને ભરતિયા કિંમતે માલ મોકલે છે, તેથી નફો ભરતિયા કિંમતના .............. થાય.

(i) 20%

(i i ) 25%

(i i i ) 30%

(i v) 40%

15. શાખાએ ચૂકવેલ પરચૂરણ ખર્ચની રકમ શોધવા માટે નીચેનું ખાતું બનાવવું પડે છે:

(i ) દેવાદારોનું ખાતું

(i i ) લેણદારોનું ખાતું

(iii) પેટા રોકડનું ખાતું

(i v) કમ્પ્યૂટરનું ખાતું

16. પરતંત્ર શાખામાં સ્વતંત્ર શાખાની સરખામણીએ સત્તાનું વિકેન્દ્રીકરણ-

(i) ઓછું હોય છે.

(ii) વધુ હોય છે.

(iii) સમાન હોય છે.

(iv) એક પણ નહી

17. મુખ્ય ઓફિસે શાખાને વર્ષ દરમિયાન રૂ. 3,000 પેટા રોકડ માટે મોકલ્યા. વર્ષની શરૂઆતમાં અને અંતે શાખા પાસે પેટા રોકડ અનુક્રમે રૂ. 800 અને રૂ. 550 હતી. પરચૂરણ ખર્ચની રકમ રૂ. ............ ગણાય.

(i) 3,000

(ii) 3,800

(iii) 3,550

**(iv)** 3,250

18. તા. 1-4-2011ના રોજ ફર્નિચરની બાકી રૂ. 90,000 છે. જે શાખાને તા. 1-10-2010ના રોજ મોકલેલ છે. તા. 31-3-2012ના રોજ 20% લેખે સીધી લીટીની પદ્ધતિએ ઘસારો ગણાય છે. તા. 31-3-2012ના રોજ શાખાના ચોપડે ઘસારાબાદ કિંમત રૂ....................... ગણાય.

(i) 85,000

(ii) 72,000

(iii) 90,000

(iv) 70,000

19. પેટારાકડની શરૂઆતની બાકી રૂ. 500, આખરની બાકી રૂ. 250 અને મુખ્ય ઓફિસેથી મળેલ પેટારોકડ રૂ. 350 હોય તો પરચૂરણ ખર્ચ કેટલા રૂપિયા થયો હશે?

(i) રૂ. 400

**(ii)** રૂ. 600

(iii) રૂ. 350

(iv) રૂ. 250

20. દેવાદારોની શરૂઆતની બાકી રૂ. 8,000, આખરી બાકી રૂ. 40,000, દેવાદારો પાસેથી મળેલ રોકડ રૂ. 17,500 અને ઘાલખાધ રૂ. 500 હોય તો ઉધાર વેચાણ કેટલું થશે?

(i) રૂ. 40,000

(ii) રૂ. 45,000

**(iii)** રૂ. 50,000

(iv) રૂ. 55,000

21. મુખ્ય ઓફિસે મોકલેલ પણ શાખાને હિસાબી વર્ષ પૂરું થતાં સુધીમાં નહીં મળેલ માલ, માર્ગસ્થ માલ ખાતે ઉધારી, કોના ખાતે જમા થશે?

(i) રોકડ ખાતે

(ii) વેપાર ખાતે

(iii) મુખ્ય ઓફિસ ખાતે

**(iv)** શાખા ખાતે

22. મુખ્ય ઓફિસના પાકા સરવૈયામાં માર્ગસ્થ માલ કેવી રીતે દર્શાવાય છે?

(i) તેને જવાબદારીઓ બાજુએ દર્શાવવામાં આવે છે.

(ii) તેને જવાબદારીઓ બાજુએ લેણદારોમાં ઉમેરવામાં આવે છે.

(iii) તેને મિલકતો બાજુએ સ્ટોકમાંથી બાદ કરવામાં આવે છે.

**(iv)** તેને મિલકતો બાજુએ દર્શાવવામાં આવે છે.

23. મુખ્ય ઓફિસે શાખાને વર્ષ દરમિયાન રૂ. 4,500 પેટા રોકડ માટે મોકલ્યા. વર્ષની શરૂઆતમાં અને અંતે શાખા પાસે પેટા રોકડ અનુક્રમે રૂ. 1,200 અને રૂ. 825 હતી. પરચૂરણ ખર્ચની રકમ રૂ. ............. ગણાય.

**(i)** રૂ. 4,875

(ii) રૂ. 4,500

(iii) રૂ. 5,700

(iv) રૂ. 5,325

24. મુખ્ય ઓફિસ શાખાને મૂળકિંમત પર 50% ચઢાવીને ભરતિયા કિંમતે માલ મોકલે છે, તો નફો ભરતિયા કિંમતના કેટલા ટકા થશે?

**(i)** 31 1/3%

(ii) 100%

(iii) 75%

(iv) 60%

25.શાખા દ્વારા માર્ગસ્થ રોકડ કયા ખાતે જમા કરવામાં આવે છે?

**(i)** મુખ્ય ઓફિસ ખાતે

(ii) રોકડ ખાતે

(iii) શાખા ખાતે

(iv) બેન્ક ખાતે

26. માર્ગસ્થ માલની હવાલા નોંધ કોના ચોપડે થતી નથી?

(i) મુખ્ય ઓફિસ

**(ii)** શાખાના ચોપડે

(iii) બન્નેના ચોપડે થાય છે

(iv) બન્નેના ચોપડે થતી નથી

27. શાખાનો શરૂનો સ્ટોક રૂ. 50,000, વેચેલ માલની પડતર રૂ. 2,50,000 અને આખ સ્ટોક રૂ. 75,000 હોય, તો મુખ્ય ઓફિસેથી મળેલ માલની કિંમત શોધો.

(i) રૂ. 2,25,000

**(ii)** રૂ. 2,75,000

(iii) રૂ. 3,25,000

(iv) રૂ. 3,75,000

28. તા. 1-4-2013ના રોજ ફર્નિચરની બાકી રૂ. 1,80,000 છે. જે શાખાને તા. 1-10-2012 ના રોજ મોકલેલ છે. તા. 31-3-2014 ન રોજ 20% લેખે સીધી લીટીની પદ્ધતિએ ઘસારો ગણાય છે. તા. 31-3-2014 ના રોજ શાખાના ચોપડે ઘસારા બાદ કિંમત ................ ગણાય.

(i) રૂ. 1,90,000

(ii) રૂ. 1,80,000

**(iii)** રૂ. 1,40,000

(iv) રૂ. 1,44,000

29. પેટારોકડની શરૂઆતની બાકી રૂ. 500, આખરની બાકી રૂ. 350 અને મુખ્ય ઓફિસેથી મળેલ પેટારોકડ રૂ. 250 હોય, તો પરચૂરણ ખર્ચ કેટલા રૂપિયા થયો હશે?

**(i)** રૂ. 400

(ii) રૂ. 600

(iii) રૂ. 350

(iv) રૂ. 250

30. મુખ્ય ઓફિસે મોકલેલ પણ શાખાને હિસાબી વર્ષ પૂરું થતાં સુધીમાં નહીં મળેલ માલને શું કહેવાય?

(i) માર્ગસ્થ રોકડ

**(ii)** માર્ગસ્થ માલ

(iii) (અ) અને (બ) બંને

(iv) આમાંથી એક પણ નહિ

31. શાખાએ કરેલ ઉધાર વેચાણ શોધવા કયું ખાતું તૈયાર કરવામાં આવે છે?

**(i)** દેવાદારોનું ખાતું

(ii) લેણદારોનું ખાતું

(iii) સ્ટોક ખાતું

(iv) પેટારોકડ ખાતું

32. મુખ્ય ઓફિસ માલની ભરતિયા કિંમત પર 20% નફો ચઢાવીને શાખાને માલ મોકલે છે. તેથી મૂળકિંમત પર નફાના ટકા .................. થશે

(i) 15%

(ii) 20%

**(iii)** 25%

(iv) 30%

33. તા. 1-4-2016ના રોજ મિલકતની બાકી રૂ. 18,00,000 હતી, જે શાખાને તા. 1-10-2015ના રોજ મોકલેલ છે. તા. 31-3-2017ના રોજ 20% લેખે સીધી લીટીની પદ્ધતિએ ઘસારો ગણાય છે. તા. 31-3-2017 ના રોજ શાખાના ચોપડે મિલકતની ઘસારા બાદ કિંમત ............. ગણાય.

(i) રૂ. 14,40,000

**(ii)** રૂ. 14,00,000

(iii) રૂ. 16,20,000

(iv) ઉપરમાંથી કોઇ પણ નહિ

34. દેવાદાર પદ્ધતિમાં શાખા ખાતું એ ............... છે.

**(i)** વ્યક્તિ ખાતું

(ii) માલ-મિલકત ખાતું

(iii) ઉપજ-ખર્ચ ખાતું

(iv) પત્રક

35.જ્યારે મુખ્ય ઓફિસ શાખાની મિલકતોનું ખાતું રાખતી હોય, ત્યારે તે મિલકતો પર ઘસારાની રકમ મુખ્ય ઓફિસના ચોપડે ............. થાય છે.

(i) મુખ્ય ઓફિસ ખાતે ઉધાર

**(ii)** નફાનુકસાન ખાતે ઉધાર

(iii) શાખા ખાતે જમા

(iv) નફાનુકસાન ખાતે જમા

36. સ્વતંત્ર શાખા માટે મુખ્ય ઓફિસ ખાતું એ ................. છે.

(i) વેપારી દેવાદાર

(ii) વેપારી લેણદાર

**(iii)** મૂડી

(iv) રોકાણો

37. નીચેનામાંથી કઇ શાખા પોતાના અલગ વાર્ષિક હિસાબો બનાવે છે ?

(i) પરતંત્ર શાખા

**(ii)** સ્વતંત્ર શાખા

(iii) વિદેશી શાખા

(iv) ઉપરોક્ત બધી

38. સ્વતંત્ર શાખાના ચોપડે માર્ગસ્થ રોકડની અસર ................ થાય છે.

(i) મુખ્ય ઓફિસ ખાતે ઉધાર

**(ii)** મુખ્ય ઓફિસ ખાતે જમા

(iii) રોકડ ખાતે જમા

(iv) વેપાર ખાતે ઉધાર

39. પેટા રોકડની શરૂની બાકી રૂ. 750 અને આખરી બાકી રૂ. 375 છે. મુખ્ય ઓફિસ તરફથી મળેલ પેટા રોકડ રૂ. 1,525 હોય, તો પેટા રોકડ ખર્ચ કેટલો ?

**(i)** રૂ. 1,900

(ii) રૂ. 150

(iii) રૂ. 1.525

(iv) રૂ. 400

## પ્રકરણ - ૩ રાશના હિસાબો

નીચે જણાવેલ દરેક પેટા પ્રશ્નના એક કરતાં વધુ જવાબો આપેલ છે, પરંતુ તે પૈકી ફકત એક જ જવાબ સાચો છે. તમારે સાચો જવાબ પસંદ કરીને તેના સમર્થનમાં જરૂરી ગણતરી (કે સમજૂતી) દર્શાવવાની છેઃ

1. રાશના ધંધા માટે નીચેના માંથી કયું વિધાન સાચું છે ?
   - (i) ધંધામાંથી લાંબા ગાળા માટે નફો મેળવવાનો હેતુ
   - (ii) અલ્પજીવી આયુષ્ય હોય છે.
   - (iii) દીર્ઘકાલીન આયુષ્ય હોય છે.
   - (iv) ભાગીદારીનો કાયદો લાગુ પડે છે.
2. રાશના ધંધા માટે નીચેની પ્રવૃત્તિ અનુકૂળ છે
   - (i) નદી પરના પુલનું બાંધકામ
   - (ii) કાપડની દુકાન
   - (iii) દવાની દુકાન
   - (iv) એસીસી સિમેન્ટની એજન્સી.
3. કાચા રાશ ખાતાની બાકી ............ સૂચવે છે.
   - (i) ભાગીદારને ચૂકવવાપાત્ર રકમ
   - (ii) નફો-નુકસાન
   - (iii) આખર સ્ટોક
   - (iv) બાકી આગળ લઇ જવાની રકમ
4. રાશના ધંધા માટે કયો કાયદો લાગુ પડે છે?
   - (i) 1956નો કંપનીધારો

(ii) કોઇ ખાસ કાયદો નથી.

(i i i ) 1932નો ભાગીદારો કાયદો

(i v) સહકારી મંડળીનો કાયદો

5. અ અને બ બંને ભાગીદારો રાશના ધંધામાં જોડાયા. બ એ અ ને ર. 45,000 રોકડા આપ્યા. તો તે બ ના ચોપડામાં કયા ખાતે નોંધાશે ?

(i ) નોંધાશે નહીં

(i i ) ખર્ચ ખાતે

(i i i ) રાશ ખાતે

(iv) અ ખાતે

6. રાશના ધંધામાં વેચાણ બદલ રૂ. 6,00,000ના બોન્ડ મળ્યા અને તે રૂ. 4,75,000માં વેચી દીધા, તો રાશ ખાતાની ઉધાર બાજુ કેટલી રકમ નોંધાશે?

(i ) રૂ. 6,00,000

(i i ) રૂ. 4,75,000

(iii) રૂ. 1,25,000

(i v) રૂ. 1,75,000

7. રાશના ધંધામાં વેચાણ બદલ રૂ. 3,00,000 ના ડિબેન્ચર મળ્યા અને રૂ. 3,75,000 માં વેચી દીધા. રાશ ખાતે જમા બાજુ ............ ની નોંધ થાય.

(i ) રૂ. 3,75,000

(i i ) રૂ. 3,00,000

(iii) રૂ. 75,000

(i v) રૂ. 6,75,000

8. રાશના ધંધામાં વેચાણ બદલ રૂ. 5,07,000ના બોન્ડ મળ્યા અને રૂ. 5,49,250માં તે વેચી દીધા હોય તો રાશ ખાતે જમા બાજુ ................ ની નોંધ થાય.

(i) રૂ. 42,250

(i i ) રૂ. 3,00,000

(i i i ) રૂ. 5,07,000

(i v) રૂ. 10,56,250

9. રાશ ખાતું કોના જેવું છે ?

(i ) ફકત વેપાર ખાતા જેવું

(i i ) ફકત નફા-નુકસાન ખાતા જેવું

(iii) વેપાર ખાતા અને નફાનુકસાન ખાતાના મિશ્રણ જેવું

(i v) ફકત પાકા-સરવૈયા જેવું

10. જયારે રાશના ધંધામાં સ્વતંત્ર હિસાબી ચોપડા રાખવામાં આવતા હોય ત્યારે રાશ માટે ચૂકવાયેલ ખર્ચ -

(i) સંયુક્ત બેન્ક ખાતે જમા થાય છે.

(i i ) ખર્ચ ખાતે જમા થાય છે.

(i i i ) ચૂકવનાર ભાગીદાર ખાતે ઉધાર થાય છે.

(i v) રાશ ખાતે જમા થાય છે.

11. કિરણ અને રોશની સંયુક્ત સાહસમાં ધંધો કરે છે અને બંને રાશના હિસાબો પોતપોતાના ચોપડામાં રાખે છે. કિરણે કેટલોક માલ ઉધાર વેચેલ તેમાંથી વસૂલાત કરતાં કેટલીક રકમની પાલખાધ પડી. રોશની પોતાના ચોપડામાં આ ઘાલખાધ અંગે કયુ ખાતું ઉધારશે ?

(i ) કિરણનું ખાતું

**(ii)** રાશ ખાતું

(i i i ) રોકડ ખાતું

(i v) દેવાદારનું ખાતું

12. હિમા અને પૂર્વા રમકડાં ખરીદીને વેચવાના સંયુક્ત સાહસમાં જોડાયાં. તેઓએ કુલ રૂ. 75,000ની કિંમતનાં રમકડાં ખરીદ્યાં. હિમાએ રૂ. 62,500માં રમકડાનું વેચાણ કર્યું. જ્યારે પૂર્વાએ રૂ. 36.000માં રમકડાનું વેચાણ કર્યું. અંતે રૂ. 3,000 અને રૂ. 6,000ની મૂળ કિંમતનાં રમકડાં અનુક્રમે હિમા અને પૂર્વા પાસે બાકી રહ્યાં, જે તેઓએ કુલ વેચાણ પરના કાચા નફાની ટકાવારી મુજબનો નફો ચઢાવીને જે કિંમત આવે તે કિંમતે રાખી લીધાં. તો પૂર્વાએ રાખી લીધેલાં આવાં રમકડાનાં કેટલા રૂપિયા આપવાના થાય?

(i) રૂ. 6,000

(ii) રૂ. 4,000

**(iii)** રૂ. 9,000

(iv) રૂ. 8,000

13.નીચે દર્શાવેલ ખાતાં પૈકી કયું ખાતું રાશના હિસાબોના ભાગરૂપે ખોલવામાં આવતું નથી ?

(i) સંયુક્ત બેન્ક ખાતું

(ii) રાશ ખાતું

(iii) સહભાગીદારનું ખાતું

**(iv)** સ્ટોક અનામત ખાતું

14. રાશના ધંધાના સ્વતંત્ર હિસાબી ચોપડા રાખવામાં આવતા હોય ત્યારે ભાગીદાર પોતાના ધંધામાંથી રાશ માટે માલ / સ્ટોક આપે ત્યારે રાશના હિસાબોમાં કયું ખાતું જમા થાય છે?

**(i)** ભાગીદારનું મૂડી ખાતું

(ii) બેન્ક ખાતું

(iii) વેપાર ખાતું

(iv) ઉપરનામાંથી એક પણ નહિ.

(v)

15. રાશના ધંધામાં થયેલ અસામાન્ય નુકસાન નીચેના ખાતે ઉધાર થાય -

(i) રાશ ખાતે

(ii) વીમા કંપની ખાતે

(iii) સામાન્ય નફાનુકસાન ખાતે

**(iv)** કોઇ ખાતે નહિ.

16. એ અને બી સંયુક્ત સાહસમાં જોડાય છે. એ રૂ. 60,000 બી ને આપે છે. તો એ ના ચોપડામાં આ વ્યવહાર કયા ખાતામાં નોંધાશે ?

(i) રાશ ખાતે

**(ii)** બી ખાતે

(iii) ખર્ચ ખાતે

(iv) એક પણ નહિ

17. ઇલેકટ્રોનિક વસ્તુઓના વેચાણના સંયુક્ત સાહસમાં, જો એક વસ્તુ ગ્રાહકને ભેટ આપવામાં આવે તો નીચેનું ખાતું ઉધાર થશેઃ

(i) સંયુક્ત સાહસ ખાતું

(ii) ન.નુ.ખાતું

(iii) અસામાન્ય નુકસાન ખાતું

**(iv)** એક પણ ખાતું નહિ

18. નીચેનામાંથી ક્યું ખાતું બનાવવા દ્વિનોંધી પદ્ધતિનો ઉપયોગ થતો નથી?

(i) રાશ ખાતું

**(ii)** કાચું રાશ ખાતું

(iii) સંયુક્ત બેન્ક ખાતું

(iv) ઉપરમાંથી એકેય નહીં.

19. રાશના હિસાબોમાં માલનું સામાન્ય નુકસાન કયા ખાતે ઉધારાય?

(i) સામાન્ય નફાનુકસાન ખાતે

(ii) રાશ ખાતે

**(iii)** એક પણ ખાતે ઉધારાય નહીં

(iv) ઉપરમાંથી એકેય નહીં

20. રાશના ધંધામાં જ્યારે ગ્રાહકને માલ બક્ષિસ તરીકે આપવામાં આવે ત્યારે ક્યું ખાતું ઉધારવામાં આવે છે ?

(i) બક્ષિસ ખાતું

(ii) રાશ ખાતું

(iii) નફા-નુકસાન ખાતું

**(iv)** ઉપરમાંથી એકેય નહીં.

21. નીચેનામાંથી કયા ધંધામાં રાશનો વેપાર કરી શકાય ?

(i) વર્તમાનપત્ર

**(ii)** લોકમેળામાં ફાસ્ટફૂડનો સ્ટોલ કરવો

(iii) ઓઇલ રિફાઇનરી

(iv) ઉપરનામાંથી એક પણ નહિ

## પ્રકરણ - ૪ કમ્પ્યુટરના હિસાબો

નીચે જણાવેલ દરેક પેટા પ્રશ્નના એક કરતાં વધુ જવાબો આપેલ છે, પરંતુ તે પૈકી ફકત એક જ જવાબ સાચો છે. તમારે સાચો જવાબ પસંદ કરીને તેના સમર્થનમાં જરૂરી ગણતરી (કે સમજૂતી) દર્શાવવાની છેઃ

1. આજ સુધી ટેલીનાં નીચેનાં સ્વરૂપો બજારમાં મુકાયાં છેઃ
   - (i) 5, 4, 6, 3, 7, 2, 9 ઇઆરપી 9
   - (ii) 540, 611, 723
   - (iii) એ1, બી2, સી3
   - (iv) ઉપરમાંથી એકેય નહીં.
2. ટેલીમાં 7.2માં નીચેના અહેવાલ મળતા ન હતાઃ
   - (i) પાકું સરવૈયું
   - (ii) જીએસટી રીપોર્ટ
   - (iii) વેટ રીપોર્ટ
   - (iv) ઉપરમાંથી એકેય નહીં.
3. ટેલીમાં આમનોંધ માટેની કી કઇ છે ?
   - (i) એફ5
   - (ii) એફ7
   - (iii) એફ6
   - (iv) એફ8
4. ટેલીમાં બધા વ્યવહારોની નોંધ થઇ ગયા પછીનું પત્રક બનાવવું પડે ?
   - (i) Trial Balance

(i i ) Profit & Loss A/c

(i i i ) Balance Sheet

(iv) ઉપરનામાંથી એકેય નહી

5. ટેલીના હિસાબોમાં જો રોકડની ચુકવણીની આમનોંધ કરવી હોય તો કઇ કી વપરાય ?

(i ) F7

(i i ) F6

(i i i ) F8

(iv) **F5**

6. અને ની વિગતવાર માહિતી માટે કઇ કી પ્રેસ કરવી ?

(i ) F11

(i i ) Ctrl+F2

(iii) **Alt+F1**

(i v) F12